# ફાર્મ ગોડાઉન બનાવવા અંગેની જાહેરાત
## આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ, તા. જિ. આણંદ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ, તા. સોજીત્રા, જી. આણંદના ફાર્મ પર ગોડાઉન બનાવવાનું હોવાથી રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી માલ-સામાન અને મજુરી સાથે કામગીરી કરાવવાના ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેના જરૂરી સ્પેસીફીકેશન, શરતો, અને બોલીઓ દર્શાવતા ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીમાં રૂા. ૧૫૦૦/- રોકડા ભરી મેળવી લેવું અથવા વેબસાઇટ www.aau.in/tenders ઉપરથી ડાઉનલોડ કરી સાથે ટેન્ડર ફી પેટે રૂા. ૧૫૦૦/-નો ''એ.એ.યુ ફંડ એકાઉન્ટ''ના નામનો પેએબલ એટ આણંદનો ડીમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવાનો રહેશે. ભરેલ ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં તા. ૧૨/૦૨/૨૦૨૧ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં ફક્ત રજી. પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટથી જ સ્વીકારવામાં આવશે તથા કવર ઉપર ''ફાર્મ ગોડાઉન બનાવવાની કામગીરીના ભાવ'' એમ અવશ્ય લખવાનું રહેશે.

**તા. ૨૨/૦૧/૨૦૨૧** **સહી/-**

**સ્થળ : દેવાતજ** **વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા**

**(માહિતી/આણંદ/૫૫૨/૨૦-૨૧)** **ફોન : (૦૨૬૯૭) ૨૩૪૦૨૭**

# ટેન્ડર

ટેન્ડર ફોર્મ ફી : રૂ. ૧૫૦૦/-

ઇ. એમ. ડી. ની રકમ : રૂ. ૧૨૦૦૦/-

**ફક્ત ઓફીસ હેતુ માટે :**

| ટેન્ડર ફોર્મ નંબર: | | *આપ્યા તારીખ:* | / / ૨૦૨૧ |
|---|---|---|---|

## ટેન્ડરની વિગત

ફાર્મ ગોડાઉન બનાવવા માટે માલ-સામાન અને મજુરી સાથે કામગીરીનું ટેન્ડર

| | |
|---|---|
| રજીસ્ટર એ.ડી./સ્પીડ પોસ્ટ થી ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ : | ૧૨/૦૨/૨૦૨૧ |

Downloaded from web page
www.aau.in

## ટેન્ડર ફી (નોન રીફંડેબલ)

ટેન્ડર ફોર્મ જાહેરાતની તા.૨૨/૦૧/૨૦૨૧ થી અત્રેની કચેરીએથી રૂ. ૧૫૦૦/- રોકડા ભરી મેળવી લેવું અથવા વેબસાઇટ ઉપરથી ફોર્મ ડાઉનલોડ કરનાર પાર્ટીએ ફોર્મ ફી પેટે રૂ. ૧૫૦૦/- નો " એએયુ ફંડ એકાઉન્ટ" પેએબલ એટ આણંદના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ અલગથી ટેન્ડર સાથે જોડવો.

**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**
**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**મુ. પો. દેવાતજ, તા. સોજીત્રા**
**જિ. આણંદ ,પીન: ૩૮૭૨૪૦**
**ફોન નં. (૦૨૬૯૭) ૨૩૪૦૨૭**

- ભાવ ભરનાર / આપનાર પાર્ટીનું નામ :
- સંપુર્ણ સરનામુ:
- ફોન નંબર/ મોબાઇલ નંબર
- ઇ- મેઇલનું સરનામું:
- ટેન્ડર ફોર્મ ની વિગત:

રસીદ નંબર:

રકમ:

તારીખ:

- ડીપોજીટ/ ઇએમડીની વિગત :

ડી. ડી. નંબર:- બેંકનુ નામ:-

રકમ:-

તારીખ:-

- રજીસ્ટ્રેશન નંબર (હોય તો):-
- પાન કાર્ડ નંબર (નકલ સામેલ કરવી):-
- જી. એસ. ટી. નંબર:-
- અન્ય વિગત: -

અમો ટેન્ડરમાં આપેલી શરતો અને નિયમો મુજબ કામ કરી આપવા બાહેધરી આપીએ છીએ તથા તમામ કામકાજ નિયમો અને બતાવ્યા અનુસાર સંતોષકારક રીતે કરી આપવાની બાંહેધરી આપીએ છીએ અને વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા (કેવિકે) નો નિર્ણય આખરી અને સર્વોપરી રહેશે.

ટેન્ડર ભરનારની સહી
(સિક્કો, નામ અને હોદ્દો)

## <u>ફાર્મ ગોડાઉન બનાવવા માટે માલ- સામાનની વિગત</u>

❖ ઇ. એમ. ડી. ની રકમ: ૧૨૦૦૦/-

| **સ્પેસીફીકેશન** | **ભાવ (રૂ) આંકડા અને શબ્દો બંનેમાં લખવા** |
|---|---|
| **<u>૨૫ ફૂટ લાંબુ અને ૩૦ ફૂટ પહોળું ગોડાઉન બનાવવા માટે કામકાજ ની વિગત</u>**<br>એનેક્ષર –અ મુજબ ફાર્મ ગોડાઉન બનાવવાની તમામ પ્રકારની માલસામાન અને મજુરી સાથેની કામગીરી તથા તમામ વેરા સહિતના ભાવ | |

**ભાવ ભરનાર પાર્ટીની સહી**

# **એનેક્ષર –અ**

**પાયો**

જમીનના લેવલથી ત્રણ ફૂટ ઊંડાઈ (પાયો) ખોદી તેના પર ૧૪'' જાડાઈનું ઇંટનું ચણતર કરવું.

**માટી પુરણ:**

જમીનનાં લેવલ થી ૩ ફૂટ ઊંચાઈ સુધી ગોરાડું માટીનું પુરણ કરવું.

**ભોંયતળીયુ:**

૬" પી.સી.સી. એમ.-૨૦ (૧:૧.૫:૩ સિમેન્ટ: રેતી : કપચી) પોલિશ સાથે.

**દિવાલ**

એક તરફ ૧૧ કુટ ઊંચી અને બીજી તરફ ૧૦ ફૂટ ઊંચી  ૯'' ની દિવાલ બનાવવી ચણતર અને પ્લાસ્ટર- સી. એમ ૧:3(સિમેન્ટ:રેતી) - ૮ એમ એમ (અંદર અને બહાર બાજુ બને તરફ પ્લાસ્ટર).

**છાજલી**

પ્લીન્થ લેવલ પર ગોડાઉનની બહારની બાજુ ફરતે ૧' ૬'' ની કોંકરીટ ની ૪" જાડાઈની છાજલી. કોંકરીટ ૧: ૧.૫ : ૩ (સીમેન્ટ: રેતી: કપચી ૨૦ એમ એમ)

**રૂફીંગ**

ટાટા કંપનીના રૂફીંગ શીટ માટે ના કોટિંગ વાળા ૦.૫૦ એમ એમ જાડાઈના કલર કોટેડ પતરા બંને બાજુ ૧ ફૂટના ઢાળ તેમજ ૧ ફૂટ બહારની બાજુ કાઢવા તથા પતરા લગાવવા જરૂરી લોખંડ ની એંગલ (૫૦x૫૦x૬ એમ. એમ.) ૧૧ ફૂટ લાંબી ઉભી ૧૨ નંગ, આડી ૨૫ ફૂટ લાંબી ૬ નંગ અને ૩૦ ફૂટ લાંબી ૬ નંગ લગાવવાની રહેશે. રૂફ માં ૪ ફૂટના અંતરે એક એવી ૩૦ ફૂટ લાંબી ૭ નંગ  અને રૂફ સપોર્ટ માટે ૨૫ ફૂટ લાંબી ૨ નંગ એંગલ લગાવાની રહેશે.

**શટર**

સુરક્ષા માટે લોખંડનું ૮. ૦ એમ એમ જાડાઈ વાળું એમ એસ અંદર અને બહાર બને તરફ લોક થાય તેવું ૧૦' x ૮' નું મેન્યૂઅલ શટર બને તરફ સિન્થેટીક ઇનેમલ કલર (એસીયન) બે કોટ કરી લગાવવું.

**નોધ:**

૧. માટી પુરાણમાં જરૂરી માત્રામાં પાણી નાખી બરોબર લેવલ કરવાનું રહેશે.

૨. ચણતરને બરાબર પાણી છાંટીને માવજત કરવાની રહેશે.

# શરતો અને બોલીઓ

| | |
|---|---|
| (૧) | ભાવ તમામ પ્રકારના લાગુ પડતા ટેક્ષ, ભાડા, મજુરી સાથેના અત્રેની કચેરી બેઠાના ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી અમલી રહે તે રીતે આપવાના રહેશે. આપેલ ભાવે સાધન સામગ્રી આપવા/ કામગીરી કરાવવા માટે બંધનકર્તા રહેશે. |
| (૨) | ભાવ મંજુર થયા પછી સાધન સામગ્રી આપવામાં વિલંબ/ માલની ઉતરતી ગુણવત્તા/ નિષ્કાળજી અથવા અન્ય કોઇ અનિયમિતતા ધ્યાને આવશે તો ઓર્ડર રદ કરી જે તે પાર્ટીની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ નબળી ગુણવત્તા વાળો માલ ઠેકેદારે પોતાના ખર્ચે પરત લઇ જવાનો રહેશે. આવા નબળા માલનું ચુકવણુ કરવામાં આવશે નહી. |
| (૩) | ઉધાર બીલથી કામગીરી કરવાની રહેશે અને તેનુ ચુકવણું એકાઉન્ટ પેઇડ ચેકથી નિયમોનુસાર કર કપાત બાદ કર્યા બાદ કામકાજ સંતોષકારક પૂર્ણ થયા બાદ કરવામાં આવશે. |
| (૪) | ખરીદી/ કામગીરી અંગે કોઇપણ વાદવિવાદ ઉભો થાય તો ખરીદી/ કામગીરી બાબતનો યુનિવર્સિટી સત્તાધીશનો નિર્ણય બંધનકર્તા રહેશે. ભાવ માન્ય થયા પછી કામગીરી કરાવવી કે ન કરાવવી તેમજ જથ્થામાં વધઘટ કરવાની અબાધિત સત્તા યુનિવર્સિટી સત્તાધીશની રહેશે. |
| (૫) | સરકારશ્રીના વખતો વખતનાં નિયમો ભાવ ભરનાર પાર્ટીને બંધનકર્તા રહેશે તથા ઇન્કમટેક્ષ અધિનિયમ હેઠળ બીલમાંથી આવકવેરો કપાત કરવામાં આવશે. ભાવ ભરનાર પાર્ટીએ/ ઇજારદારે પાનકાર્ડની પ્રમાણીત નકલ જોડવાની રહેશે. |
| (૬) | ભાવપત્રકો ફક્ત રજીસ્ટર્ડ પોસ્ટ એ. ડી/ સ્પીડપોસ્ટથી તા. ૧૨/૦૨/૨૦૨૧ સાંજના ૫. ૦૦ વાગ્યા સુધીમાં અત્રેની કચેરીએ મળી જાય તે રીતે મોકલવાના રહેશે. નિર્ધારીત સમય બાદ આવેલ ભાવપત્રક માન્ય રાખવામાં આવશે નહિ. |
| (૭) | ઇ. એમ. ડી/ ડીપોઝીટની રકમ ટેન્ડરમાં દર્શાવ્યા મુજબ ભરવાની રહેશે. જે " એએયુ ફંડ એકાઉન્ટ" પેએબલ એટ આણંદના નામનો ડીડી કઢાવી ટેન્ડર ફોર્મ સાથે જોડવાનો રહેશે. ડીપોઝીટ વગરનું ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે. |
| (૮) | આઇટમના ભાવ માન્ય થયેથી મંજુર થયેલ ભાવના ૫ % લેખે સિક્યુરીટી ડીપોઝીટની રકમ પાર્ટી એ જમા કરાવવાની રહેશે. યુનિવર્સિટીના નીતી- નિયમો મુજબ ટેન્ડર સાથે આપેલ ઇ. એમ. ડી/ ડીપોઝીટ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ થયા બાદ પરત આપવામાં/ કરવામાં આવશે. |
| (૯) | સીલબંધ કરેલ ટેન્ડર કવર ઉપર **"ફાર્મ ગોડાઉન બનાવવા માટે માલ-સામાન અને મજુરી સાથે કામગીરી નો ભાવ"** એમ દર્શાવવું. સાઇડમાં ડાબે નીચે પાર્ટીનું/ મોકલનારનું સ્પષ્ટ નામ તથા સરનામું દર્શાવવું. |
| (૧૦) | પાર્ટી પોતાનો પાન કાર્ડ નંબર અને પ્રિન્ટેડ બીલ બુક ધરાવતી હોવી જોઇએ. |
| (૧૧) | આઇટમના સ્પેસીફીકેશન મુજબ સ્ટાન્ડર્ડ આઇ. એસ. આઇ. માલ સામાન આપવાનો રહેશે. |
| (૧૨) | કામગીરી કોંટ્રાકટરે તેના ખર્ચે અને જોખમે કરવાની રહેશે. કામગીરી દરમ્યાન કોઇ અનિછનીય બનાવ/ઘટના કે અકસ્માત થાય અને તેને લીધે કારીગર/ શ્રમયોગી/ કોન્ટ્રાકટરને જાન-માલની હાની થાય તો તેની સમ્પૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. |

ઉપરોકત શરતો મને મંજુર અને બંધનકર્તા રહેશે.

સહી: ____________________

ઉત્પાદક/ડીલર/અધિકૃત વિક્રેતા/ઠેકેદારનું પુરૂ નામ: ____________________

સરનામુ: ____________________

____________________

કચેરી/રહેઠાણનો ફોન/ મોબાઇલ નંબર: ____________________